R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 49 DATE: 08-12-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનન્ત પાલડી,અમદાવાદ-૭

## ગૌહત્યાને મુદ્દે બુલંદશહેરમાં હિંસાનો ખેલ,એક પોલીસ ઇન્સ્પેક્ટરની હત્યા : ટોળાના નામે આંતક ફેલાવતા કટ્ટરવાદી પરિબળો

બુલંદશહેરમાં ગૌહત્યાની શંકાસ્પદ ઘટના બનતાં શહેરમાં સ્થિતિ અરાજકતામાં બદલાઇ ગઇ હતી.હિંસક ટોળા અને પોલીસ વચ્ચે થયેલી અથડામણમાં એક પોલીસ ઈન્સ્પેકટર સુબોધકુમારસિંહની હત્યા કરવામાં આવી હતી.તેઓ સ્યાના પોલીસ મથક ખાતે ફરજ બજાવી રહ્યા હતા. પોલીસસુત્રોના જણાવ્યા મુજબ કેટલાક જમણેરી સંગઠનો સ્થાનિકો સાથે મળીને ગૌહત્યાને નામે હિંસક બન્યા હતા ્ને ચિગરાવલી ગામે આતંક ફેલાવ્યો હતો.



પોલીસને મળેલી માહીતિ અનુસાર મઉ ગામના ખેતરોમાં ગૌવંશના અવશેષો મળી આવ્યા હતા. ગામના પુર્વ સરપંચે ૨૫ જેટલી ગાયોની હત્યા થઈ હોવાની જાણકારી આપી હતી.ઈન્સ્પેકટર સુબોધકુમારે સ્થળ પર જઈને ઉશ્કેરાયેલા લોકોને આશ્વાસન આપ્યું હતું અને યોગ્ય કાર્યવાહી કરવાની વાતે સમજાવતાં કેટલાક ગ્રામીણો માની ગયા હતા.કેટલાક લોકોએ ગાયના અવશેષો ટ્રેકટરની ટ્રોલીમાં ભરીને સ્યાના-ગઢ રોડ બ્લોક કર્યો હતો.ટ્રાફિક જામ થતાં પોલીસ ઈન્સ્પેકટરે લોકોને સમજાવવાના પ્રયત્નો કર્યા હતા.સ્થળ ઉપર મઉ,નયાબાસ અને ચિગરાવલી એમ ત્રણ ગામના ૪૦૦ જેટલા લોકો હાજર હતા અને તેઓ રસ્તો બ્લોક કર્યો હતો.ત્યારબાદ તેમણે પોલીસ ચોકી ઉપર પથ્થરમારો શરુ કર્યો હતો અને પોલીસ ચોકીની આસપાસ પડેલા વાહનો સળગાવી દીધા હતા.દરમિયાન પોલીસ ઈન્સ્પેકટર સુબોધકુમારનું મોત નિપજયું હતું.તેમના મોતનું કારણ ખાનગી ગોળીબાર કે પથ્થરમારાથી થયું છે તે સ્પષ્ટ થયું નહોતું.ભીડ અને પોલીસ વચ્ચેની અથડામણમાં ચિગરવાલી ગામના યુવાન સુમિતને ગોળી વાગતાં તેનું મૃત્યું થયું હતું.યુવાનનું મોત ખાનગી ગોળીબાર કે પોલીસ ગોળીબારથી થયું તેની તપાસ થઈ રહી છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા પ્રમાણે ઉશ્કેરાયેલી ભીડે ચીગરાવલી ચોકી બાહર ઊભા રહેલાં વાહનોનો ખુરદો બોલાવી દીધો હતો.પોલીસ અને ખાનગી વાહનોને આગ ચાંપવામાં આવી હતી.પોલીસ સાથે પથ્થરમારા વચ્ચે પોલીસે અશ્રુવાયુ અને ગોળીબાર પણ કર્યો હતો.જો કે ગામલોકોએ પણ ખાનગી હથિયારોથી ગોળીબાર કર્યો હતો.ઈજાગ્રસ્ત પોલીસ ઈન્સ્પેકટરને લઈ જતાં વાહન પર પણ ગ્રામીણોએ પથ્થરમારો કર્યો હતો.

ગૌહત્યા અને તે પછી સર્જાયેલી હિંસાની તપાસ માટે સીટની રચના થઈ છે.બંને અપરાધના અનુસંધાનમાં એફઆઈઆર દાખલ થઈ છે.તપાસ ટીમ કોની સામેલગીરી છે તેની તપાસ કરશે.

પોલીસઈન્સ્પેકટર સુબોધકુમાર અને અન્ય યુવાન સુમિતની હત્યાના શકમંદ આરોપી બજરંગદળના કન્વીનર યોગેશરાજ નાસી છુટ્યા છે પોલીસ તેની તપાસ કરી રહી છે અન્ય ચાર લોકોને પોલીસે પકડી લીધા છે અને તપાસ ચાલુ છે.



**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## કાળુ નાણું ડામવાના પ્રયોગરુપે કરાયેલો અખતરો નિષ્ફળ નિવડ્યો : ઓમપ્રકાશ રાવત

દેશના ૨૨માં મુખ્ય ચુંટણી અધિકારી તરીકે ઓમપ્રકાશ રાવત નિવૃત થઈ ગયા બાદ તેમના પ્રથમ નિવેદનમાં તેમણે નરેન્દ્ર મોદી સરકારને આંચકો આપે તેવો દાવો કરતાં કહ્યુ હતું કે નોટબંધીથી કાળા નાણાંને કોઈ અસર થઈ નથી.નોટબંધી બાદ થયેલી ચુંટણીમાં પણ મોટી સંખ્યામાં રોકડ રકમ જપ્ત કરાઈ છે.જપ્ત કરાયેલી રકમનો આંકડો રુ.૨૦૦ કરોડથી વધુ છે.આનો મતલબ એ થયો કે ચુંટણીમાં જે સ્ત્રોત્રો દરમિયાન પૈસા આવ્યા છે તે અસરકારક છે અને નટોબંધીની તેના પર કોઈ અસર થઈ નથી.ઓમપ્રકાશ રાવતે આ વર્ષે જાન્યુઆરીમાં ચુંટણી પંચના મુખ્ય અધિકારી તરીકે પદ સંભાળ્યું હતું તેમનો કાર્યકાળ ખુબ વ્યસ્ત રહ્યો કારણકે એક વર્ષના સમયમાં દેશના ૯ રાજ્યોમાં ચુંટણીઓ યોજાઈ અથવા યોજાનાર છે.બીજી તરફ ઓપી રાવતનો કાર્યકાળ વિવાદોથી ભરપુર રહ્યો ચે. એમની પર ઓક્ટો.માં પાંચ રાજ્યોની ચુંટણી તારીખની જાહેરાતમા વિલંબ કરવાથી માંડીને દિલ્હીના મતદારોના નામ વોટરલિસ્ટમાં કમી કરવાના આરોપ સામેલ છે.

૧૯૯૭ની બેન્ચના મધ્યપ્રદેશ કેડરના આઈએસ અદિકારી રાવતે સુનીલ અરોરાને પોતાનો પદભાર સોપ્યો છે.તેમણે મીડીયા સમક્ષ નોટબંધીથી લઈને પોતાની ઉપલબ્ધિ અંગેની વાત કરી હતી.જ્યારે તેમને પુછવામાં આવ્યું કે તમારા એક વર્ષના ચુંટણી અધિકારીના કાર્યકાળમાં મોટી ઉપલબ્ધિ કહી હતી. તેમણે કહ્યુ હતું કે ત્રિપુરા,મેઘાલય,નાગાલેન્ડ, અને કર્ણાટકની ચુંટણી યોજાઈ. મારો સંકલ્પ આ રાજ્યોમાં સ્વતંત્ર નિષ્પક્ષ, વિશ્વસનીય ચુંટણી કરાવવાનો હતો. હમણાં સુધી બધુ બરાબર રહ્યું છે.

આગામી ૨૦૧૯ની લોકસભા ચુંટણી દેશના નવા મુખ્ય ચુંટણી કમિશ્નર સુનિલ અરોરાની દેખરેખ હેઠળ થશે.તેઓ ૧૯૮૦ બેચના આઈએએસ અધિકારી છે.અને રાજસ્થાન કેડરમાંથી તેઓ આવે છે. રાષ્ટ્રપતિએ તેમની નિયુક્તિને મંજુરી આપી છે.

## લોકરક્ષકની પરીક્ષાનું પેપર ફુટી જતાં ૯ લાખ પરીક્ષાર્થી રઝળ્યા

પોલીસ લોકરક્ષકની પરીક્ષા શરુ થાય તેના થોડાક કલાકો પહેલાં તે રદ કરવામાં આવી.પરીક્ષાનું પેપર લીક થયાની જાણ થતાં ગુજરાત પોલીસ લોકરક્ષક ભરતી બોર્ડના ચેરમેન વિકાસ સહાયે ઉચ્ચ સ્તરે રીપોર્ટ કર્યો અને મંજુરી મળતાં પરીક્ષાઓ રદ કરવામાં આવી.એક મહિનામાં પરીક્ષાનું પુનઃ આયોજન કરાશે.પેપર લીક થતાં પરીક્ષા રદ કરવાના નિર્ણયથી રાજ્યના લાખો નોકરીવાંચ્છુ યુવકો રઝળી પડ્યા હતા.ફિક્સ પગારના કોન્સ્ટેબલ એટલે કે લોકરક્ષકની ૯૭૧૩ જગ્યાની લેખિત પરીક્ષા માં ૮,૭૬,૩૫૬ ઉમેદવારો પરીક્ષા આપવાના હતા.નિષ્પક્ષ ભરતી થાય તે માટે પ્રત્યેક ઉમેદવારને તેના રહેણાંકથી ઓછામાં ઓછું ૧૫૦ કીમી.દુર પરીક્ષા કેન્દ્ર ફળવાયું હતું.પરીક્ષા રદ થયાની જાણકારી મળતાં ઉમેદવારોમાં હતાશા વ્યાપી હતી અને આક્રોશ પણ થયો હતો.

પેપર ફુટી જવાની બાબતે રાજકીય ધમસાણ મચ્યું હતું.આક્ષેપો પ્રતિ આક્ષેપોનો દોર ચાલુ થઈ ગયો છે.ગાંધીનગર સેકટર ૭માં પેપર લીકની ફરિયાદ નોધાઈ છે.રાજ્યના પોલીસ વડાએ પેપર લીક કરનારાઓને ઝડપથી ઝબ્બે કરવાની આશા વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રીએ પેપર લીકની ઘટનાની તાત્કાલિક તપાસ કરવાના આદેશ જારી કર્યા છે.સાથે સાથે તેમણે જણાવ્યુ છે કે હવે પછી જ્યારે પરીક્ષા લેવામાં આવશે ત્યારે તમામ ઉમેદવારોને તેમના ઘેરથી પરીક્ષા કેન્દ્ર સુધી આવવા જવાના એસટી બસનું ભાડું રાજ્ય સરકાર તરફથી આપવામાં આવશે.આ ઘટનામાં સંડોવાયેલાઓ સામે સખ્ત પગલાં લેવામાં આવશે.

અમદાવાદ ક્રાઈમ બ્રાંચ,એટીએસ,ગાંધીનગર પોલીસની એસઓજીની ટીમો સંયુક્ત તપાસમાં લાગી છે.ટુંક સમયમાં ગુનેગારોને પકડી લેવાશે તેવો આશાવાદ ડીજીપી ગુજરાતે કર્યો છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

જંગલમાં આવેલા ખેતરોમાંથી ગાયોના હાજપિંજર મળી આવ્યાના મામલે ભડકેલી હિંસામાં કથિત લોકોની સામેલગીરી બદલ ચાર લોકોની ધરપકડ કરાઇ છે.આ હિંસામાં એક પોલીસ ઈન્સ્પેકટર સુબોધકુમાર સિંહાનું અને એક યુવાન સુમિતનું મોત નીપજ્યું છે.આ હત્યાના આરોપ માટે બજરંગ દળના કન્વીનર યોગેશ રાજનું નામ બહાર આવતાં તે નાસી છુટયો છે. આ મામલે નોધાયેલી ફરિયાદમાં ૨૭ લોકોના નામઆવ્યા છે જ્યારે ૫૦ થી ૬૦ અજાણ્યા લોકોની સામે કેસ કરાયો છે. ૨૭માંથી ચાર લોકો બજરંગ દળ સહિત જમણેરી સંગઠનોના હોદેદારો અથવા કાર્યકરો છે.

‘‘ઈન્સ્પેકટર સુબોધકુમાર સિંહ દાદરી ના રહેવાસી મોહમંદ અખલાકની ટોળા દ્વારા થયેલી હિંસાના મામલે તપાસ કરી રહ્યા હતા.અખલાકને ગૌમાંસના મુદ્દે ટોળાએ મારપીટ કરીને મારી નાંખ્યો હતો.આ બાબતે જમણેરી સંગઠન ઉપર સોય તકાઈ હતી અને કેટલાક તે પૈકીના લોકોની ધરપકડ પણ કરાઈ હતી.ઈન્સ્પેકટરના પુત્રે કહ્યુ હતું કે તેમના પિતા ધર્મના નામે થતી હિંસાના વિરોધી હતા.તેણે કહ્યુ હતું કે મારા પિતાએ હિન્દુ-મુસ્લીમની તકરારમાં પોતાનું જીવન ગુમાવ્યુ છે.હવે કોના પિતાનો વારો આવશે ?સુબોધકુમાર સિંહે અખલાકની હિંસાની ઘટના બાદ તેના ધરમાંથી માંસના નમુના એકઠા કર્યા હતા તેમની ત્વરિત કામગીરીના કારણે જ અખલાકના ઘરમાંથી મળી આવેલું માંસ બકરાનું માંસ સાબિત થયું હતું.તેમણે આખો કેસ ખોટો અને કેટલાક કટ્ટરવાદીઓ દ્વારા ઊભો કરવામાં આવેલો છે તેવું સાબિત કરતાં તેમની તપાસમાંથી અધવચ્ચે જ બદલી વારાણસી કરી નાંખવામાં આવી હતી.એનો અર્થ એ થાય છે કે જે લોકો અખલાકની હત્યા સાથે સંકળાયેલા હતા તેમના તાર રાજકીય સુત્રો સાથે જોડાયેલા હતા.’’

‘‘બુલંદશહેરની ઘટનામાં તેહસીલદાર રાજકુમાર ભાસ્કરે જણાવ્યુ હતું કે શેરડીના ખેતરમાં ગૌમાંસ લટકાવેલું હતું. હેંગરમાં જેમ વસ્ત્રો લટકાવે તેમ ગાયનું માથું અને ચામડા લટકાવેલા હતા.રાજ્યની હાલની સ્થિતિ જોતાં કોઈ ગૌહત્યા કરે તો આ રીતે જાહેરમાં પ્રદર્શન ના કરે.થોડાક સમયમાં હિંદુ યુવા વાહીની, શિવસેના અને બજરંગદળના કાર્યકરો અચાનક ઉમટી પડ્યા હતા.અને હિંસા આચરવા લાગ્યા હતા.આ કોમી તણાવ ફેલાવવાનો એક સુનીયોજીત પ્રયાસ હતો.કારણકે આ સમયે બુંલંદશહેરમાં કોઈ ધાર્મિક પ્રસંગે દેશભરમાંથી ૧૦ લાખ મુસ્લીમો એકઠા થયા હતા.’’

‘‘ જે શેરડીના ખેતરમાંથી ગૌમાંસ મળ્યાનો દાવો કરાયો છે તેની નજીકમાં જ રહેતાં એક ગ્રામીણે જણાવ્યુ હતું કે મે આગલા દિવસે ખેતરમાં કોઈ ગૌમાંસ જોયું નહોતું. હું ખેતરની બરાબર સામે જ રહું છું.સોમવારે પણ મે ખેતરમાં કશું જોયું નહોતું.મે ખેતરમાં કોઈને ગૌહત્યા કરતાં પણ જોયા નથી. ‘‘

ઉપરોક્ત હકીકતો કોઈએ ગૌહત્યા કરી છે તેમ કહેવું શંકાસ્પદ છે. આ બાબતે એવું માનવાને કારણ બને છે કે આખો બનાવ તૈયાર કરેલા પ્લોટનો એક ભાગ છે.ગાયની કતલ કરનારાઓ તેના માંસ માટે કત્લ કરે છે તેથી તેને હેન્ગરમાં લટકાવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.ખેતરોમાં થયેલી કત્લની જાણ માત્ર હિદુ યુવા વાહીની,બજરંગદલ અને બીજા જમણેરી સંગઠનોના કાર્યકરોને એકાએક કેવી રીતે થઈ ? ખેતરની સામે જ રહેનારે કશું જોયું જ નથી તો ગાયનું માસ,ચામડા કે માથા કેવી રીતે અચાનક ત્યાં આવી ગયા ? શું અખલાકની હત્યાની તપાસ કરનાર પોલીસ ઈન્સ્પેકટરને નિશાન બનાવવાનો આખો પ્લાન હતો ? સમગ્ર બાબત સંશોધનનો ગંભીર વિષય છે.અત્યાર સુધી પોલીસ વિભાગ આ જમણેરી સંગઠનોના કાર્યકરોની સાંઠગાઠના એક ભાગ તરીકે કામ કરતા હતા.હવે તેમનો પણ વારો આવી ગયો.પોલીસે હવે નિષ્પક્ષ રીતે તપાસ કરીને ગુનેગારોને પકડીને કાયદાના હવાલે કરવા જોઈએ.

આપણા વડાપ્રધાને ગૌરક્ષોની ગુડાગીરી બાબતે બહુ કડક નિવેદન કર્યુ હતું.સુપ્રીમ કોર્ટે પણ માર્ગદર્શિકા બહાર પાડી હતી.જેમણે અમલ કરવાનો છે તેઓ નબળા પડે તો પછી કોનુ શું થશે તે કેવી રીતે નક્કી કરી શકાશે ? યોગીજીના પ્રતાપે ફાલી ફુલેલાઓને હવે લગામ લગાવવાની જરુરીયાત છે નહીંતર કાલે તમારો પણ વારો આવી શકે છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ભારતમાં ફાંસીની સજા યથાવત રહેશે : સુપ્રીમ કોર્ટનો મહત્વપુર્ણ ચુકાદો



સુપ્રીમ કોર્ટે એક મહત્વપુર્ણ ચુકાદો આપીને સ્પષ્ટ કર્યુ છે કે ભારતમાં મૃત્યુદંડની સજા યથાવત રહેશે.સુપ્રીમ કોર્ટની ત્રણ જજોની બેન્ચે ૨-૧થી બહુમતથી ચુકાદો આપ્યો હતો. આ બેન્ચમાં જસ્ટીસ કુરીયન જોસેફ,જસ્ટીસ દિપક ગુપ્તા, જસ્ટીસ હેમંત ગુપ્તા સામેલ હતા.છત્તીસગઢમાં ટ્રીપલ હત્યાના આરોપ સજા ભોગવી રહેલા આરોપીના એક મામલાની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે ઉપરોક્ત ચુકાદો આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટની બેન્ચમાં સામેલ સિનિયર મોસ્ટ જજ કુરિયન જોસેફે લોક કમિશનના રિપોર્ટનો હવાલો આપીને કહ્યુ કે મૃત્યુદંડ સમાજમાં અપરાધ ખતમ કરવા નિષ્ફળ રહ્યો છે.ટ્રાયલ સામાન્ય રીતે જનતાના સુચનો અને સામુહિક માંગ વચ્ચે હોય થી હોય છે અને તપાસ એજન્સી ઝનુની રીતે જનતાની ભાવનાને કારણે મૃત્યુદંડ માટે અદાલત પર દબાણ કરે છે. જોકે બેન્ચના અન્ય બે જસ્ટીસ પોતાના વરિષ્ઠ સહયોગી જજ સાથે સહમત થયા નહોતા. બહુમતી ચુકાદા સંભળાવતા જસ્ટીસ દિપક ગુત્પાએ કહ્યુ હતું કે મૃત્યુદંડ એક માન્ય સજા છે.તેમણે આ માટે તેમણે ૧૯૮૦માં બચનસિંહ એ મછીસિંહના મામલામાં સુપ્રીમ કોર્ટના ચુકાદાનો હવાલો આપ્યો હતો.અને કહ્યુ હતું કે મૃત્યુદંડમાં સુધારો કરવાના મામલે કોઈજ ચર્ચાની જરુર નથી. જોકે તાજેતરના કેસ મામલે ત્રણ જજોની સર્વસંમતિથી દોષી છન્નુ લાલ વર્માની મોતની સજાને ઉંમરકેદમાં બદલવામાં આવી હતી.

# પત્રકાર ગૌરી લંકેશની હત્યાનું ષડયંત્ર પાંચ વર્ષથી ઘડાઇ રહ્યું હતું : સીટ

પત્રકાર ગૌરી લંકેશ હત્યાકાંડની તપાસ કરતી સ્પેશીયલ ઈન્વેસ્ટીગેશન ટીમ(એસઆઈટી) એ બેગલુરુની એક અદાલતમાં એક વધુ ચાર્જશીટ દાખલ કરી છે. જેમાં હિન્દુ સંગઠન સનાતન સંસ્થા પર આરોપ છે કે તેના સભ્યોએ ગૌરી લંકેશ પર ગોળીબાર કર્યા હતા.૯૨૩૫ પાનાની આ ચાર્જશીટમાં જણાવાયું છે કે સનાતન સંસ્થાની અંતગર્ત રહેલા એક નેટવર્ક ગૌરી લંકેશને નિશાન બનાવ્યા હતા.ચાર્જશીટમાં જણાવાયું છે કે ગૌરી લંકેશની હત્યાનું ષડયંત્ર છેલ્લા પાંચ વર્ષથી ઘડાઈ રહ્યું હતું.તેઓની હત્યા એટલા માટે કરવામાં આવી કે તેઓ એક ખાસ વિચારધારાને અનુસરી રહ્યા હતા. જ્યારે હત્યારા અને ગૌરી લંકેશ વચ્ચે કોઅિદાવત નહોતી. ડાબેરી વિચારના સમર્થક અને હિન્દુત્વ વિરોધી વિચારો માટે જાણીતા ગૌરી લંકેશની હત્યા ગત વર્ષે ૫ સપ્ટે.તેમના ઘરની બહાર ગોળી મારીને કરાઈ હતી.એસઆઈટીના સુત્રો અનુસાર અત્યાર સુધીમાં શુટર પરશુરામ વાઘમારે અને હત્યાના માસ્ટરમાઈન્ડ અમોલ કાલે,સુજીતકુમાર ઉર્ફે પ્રવીણ અને અમિત દેગવેકર સહિત ૧૮ લોકો આરોપી છે.

# દેશના ઇતિહાસમાં પહેલીવાર ૨૦૦થી વધુ ખેડુત સંગઠનોના નેજા હેઠળ એક લાખથી વધારે ખેડુતો રામલીલા મેદાન પર આંદોલન છેડશે : દેવા મુક્ત ખેડુત,આત્મહત્યામુક્ત દેશ આપવાની બુલંદ માંગ

ખેડુતોની સમસ્યાઓ પર ચર્ચા કરવા સંસદના ૩ સપ્તાહના વિશેષ સંયુક્ત સત્રની માંગ સાથે એક લાખ કરતાં વધુ ખેડુતોએ દિલ્હીની સરહદ પર આવેલા બ્રિજવાસનથી રામલીલા મેદાન તરફ કુચ કરી હતી. ૨૦૦થી વધુ ખેડુત સંગઠનોના એકછત્રી સંગઠન અખિલ ભારતીય ખેડુત સંઘર્ષ સંકલન સમિતિના નેજા હેઠળ રાજધાની દિલ્હીમાં ૨૯-૩૦ નવેમ્બરના રોજ બે દિવસીય કિસાન મુક્તિમાર્ચનું આયોજન કરાયું છે.તેમાં ભાગ લેવા ગુજરાત,આંધ્ર,મહારાષ્ટ્ર,મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ,યુપી,તામિલનાડુ સહિત દેશભરમાંથી આવેલા હજારો ખેડુતોએ રામલીલા મેદાન તરફ મહાકાય રેલીઓ કાઢી હતી.ખાતર,જંતુનાશકોથી માંડીને ડીઝલ મોંઘા થવાથી ખેડુતોને ભીખ માંગવાની ફરજ પડી રહી છે.સરકારની નીતિઓ ખેડુતોને વધુ ગરીબ બનાવી દીધા છે.લોનો મોંધી બની રહીછે. પાક નિષ્ફળ જાય તો કોઈ વળતર મળતું નથી.સરકારની તમામ યોજનાઓ છમ્મ છે. વીમા કંપનીઓ નફો રળી રહીછે.

# ઉત્તરપ્રદેશમાં ભાજપના દલિત સાંસદ સાવિત્રીબાઇ ફુલેએ પાર્ટીમાંથી રાજીનામું આપતાં ભાજપને ફટકો

ઉત્તરપ્રદેશના બહેરાઈચથી ભાજપના ચુંટાયેલા દલિત સાંસદ સાવિત્રીબાઈ ફુલેએ પાર્ટીમાંથી રાજીનામું આપ્યું છે.ફુલેએ આરોપ મુકયો હતો કે પાર્ટી સમાજમાં વિખવાદ સર્જી રહી છે.દેશમાં લોકશાહીનું નિકંદન નીકળી રહ્યું છે.રામમંદિરની કોઈ જરુર દેશને નથી.ભાજપા પાર્ટીમાં તેમના રાજીનામાથી ટોચની નેતાગીરી વિમાસણમાં મુકાઈ ગઈ છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# બાળકને સામાજિક કેવી રીતે બનાવશો ?

થોડા સમય પુર્વે અમદાવાદમાં એક શાળામાં કેટલાક શિક્ષકો ચર્ચા કરવા એકઠા મળ્યા હતા.ચર્ચાનો વિષય હતો બાળકોમાં ઘટતા જતા મુલ્યોના સિંચન માટે શાળા અને ઘર શુ કરી શકે ?જેમાં આજનું બાળક સામાજિક ઓછું અને સ્વાર્થી વધુ જોવા મળે છે. એવો એક સુર નીકળ્યો હતો.તે માટે ચર્ચા થઇ જેમાં શિક્ષકોનું માનવું હતું કે , કેટલાંક બાળકો ખુબજ સામાજિક હોય છે.જ્યારે કેટલાંક બાળકોમાં સામાજિકતા જેવું સહકારની ભાવના જેવું કશુંય દેખાતું જ નથી.એકલા અટુલા બેઠેલા બાળકો કે કોઇને મદદ કરવાની વાત કરીએ ત્યારે તેમના મોઢા પરના નકારાત્મક ભાવ જોઇને દુઃખ થાય છે. ત્યારે બાળકને સામાજિક બનાવવા માટેના કેટલાક ઉપાયો આ શિક્ષકોએ આપ્યા હતા.

સામાજિકતાનો અર્થ આપતાં શિક્ષકોએ જણાવ્યું હતું કે પારસ્પરિક સહકારની ભાવના એટલે સામાજિકતા. પોતાની શક્તિ અને ક્ષમતાનો ઉપયોગ અન્ય વ્યક્તિ, સંસ્થા કે સમાજ માટે કરવો એટલે સામાજિકતા. ધ્યેય કે કાર્ય સફળતાપુર્વક પુર્ણ થાય તે માટેની જરુરી મદદ. સમાજના મુલ્યોનું જતન કરીને સમાજોપયોગી બનાવાની ભાવના.

બાળક શાળામાં અને ઘરમાં કેવા વર્તન કરે તો આપણે તેને સામાજિક કહીશું ? પોતાના સહાધ્યાયીઓને મદદ કરતો હોય, અભ્યાસમાં કે અન્ય બાબતે નબળા વિદ્યાર્થીને મદદ કરતો હોય,જુથકાર્ય દરમિયાના મદદરુપ થતો હોય,જુથમાં કે પ્રવાસ પર્યટન,પ્રાર્થના સંમેલન કે શ્રમકાર્ય દરમિયાન એકબીજાની સાથે હળીમળીને રહેવાની કામ કરવાન ભાવના હોય. શાળા રિસેસ દરમિયાન સમુહમાં નાસ્તો કરે. મિત્રોમાં વધુ પ્રિય હોય, ઘરમાં વાલી અને ભાઇ બહેનને મદદરુપ બનોત હોય,મહેમાનોને આવકાર આપે,યોગ્ય રીતે વાતચીત કરે. ઘરમાં કોઇ બિમાર હોય ત્યારે તેની ભુમિકા અદા કરે.સમાજમાં યોજાતા કાર્યક્રમોમાં ભાગ લે. જાહેરમાં સામાજિક કાર્ય કરવા શરમ સંકોચ ન અનુભવે. પડોશી સાથે યોગ્ય વર્તન વ્યવહાર અને મદદ કરવા શરમ સંકોચ ન અનુભવે. પાડોશી સાથે યોગ્ય વર્તન વ્યવહાર અને મદદ કરવાની વૃત્તિ હોય. બીમાર પશુ-પંખીને મદદરુપ થાય.કુદરતી આપત્તિ સમયે પોતાની ભુમિકા અદા કરે.જેમકે ફાળો એકત્ર કરવો, કપડાં કે જરુરી ચીજવસ્તુ એકત્ર કરવા શારીરીક મદદ કરવી વિગેરે.

શાળા કે ઘરમાં ચોક્કસ પ્રકારના સુત્રો વારંવાર બોલવામાં આવે કે બાળક વાંચી શકે તેમ લખવામાં આવે તો પણ બાળક સામાજિક બનશે. કેમકે જગ સુખી તો હું સુખી. વિના સહકાર, નહી ઉધ્ધાર, ઝાઝા હાથ રળિયામણા. પહેલા ફરજ,પછી હક્ક. સહકાર સૌને ગમે. હું હંમશા બીજાને મદદ કરતો રહીને મારા જન્મને સાર્થક બનાવીશ. બાળકને સામાજિક બનાવવા તેની સમક્ષ કેટલાંક ઉદાહરણો પણ વારંવાર રજુ કરવા જોઇએ કે જેમાં તે પ્રેરણા લે. જેમકે ગાંધીજી,સરદાર વલ્લભભાઇ પટેલ,રાજા રામમોહનરાય, વિનોબા ભાવે, રવિશંકર મહારાજ વગેરેના જીવનના અનેક પ્રસંગો છે.ઉપરાંત આપણી આસપાસના વિસ્તારમાં અને ક સામાજિક સેવાકાર્ય કરતી સંસ્થાઓ છે.તેના ઉદાહરણ આપી શકાય તેમજ તેની મુલાકાત પણ લઇ શકાય. આપણા પરિચિતો દ્વારા કોઇ સામાજિક સારુ કાર્ય થયુ હોય તો તેમાં તેના ઉદાહરણોની મોટી અસર થશે.

બાળકને સામાજિક બનાવવા માટે શાળા માં અનેક પ્રવૃત્તિઓ કરી શકાય.જેમકે શાળામાં સમાજ સેવા સમિતિ બનાવવી. જે સામાજિક કાર્યો વિદ્યાર્થીની મદદથી જ કરે.આર્થિક રીતે નબળા વદ્યાર્થીઓ માટે ભંડોળ એકત્રીત કરવું. જરુરીયાતમંદ બાળકોને પુસ્તકો, ગણવેશ મળી રહે તેવા પ્રયત્નો કરવ. શાળામાં સામાજિક કાર્યકરોને આમંત્રણ આપવું.કુદરતી આપત્તિ સમયે જરુરી મદદરુપ થવા શક્ય હોય તો વિદ્યાર્થીને સાથે રાખીને જવું.સામાજિક કાર્ય કરતા વિદ્યાર્થીનું જાહેરમાં સન્માન કરવું. શિક્ષકે પોતાના અધ્યાપન દરમિયાના સામાજિક પ્રવૃત્તિઓ અને વ્યક્તિઓના યથાયોગ્ય ઉદાહરણો આપવા. શિક્ષકે પણ અવારનવાર સામાજિક કાર્યક્રમોમાં જોડાવું અને શાળામાં તેનો ઉલ્લેખ કરવો. વાલી સાથે પુરા આદરથી વાતચીત કરવી અને શક્ય મદદ કરવી.બાળકને સામાજિક બનાવવા માટે વાલીનો સહયોગ પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરવા.શાળામાં વિદ્યાર્થીઓને એકબીજાની વધુ નજીક આવે, એકબીજાને મદદરુપ થાય તેવા સામુહિક કાર્યક્રમો ગોઠવવા. શિક્ષકોએ પોતાના વર્તન વ્યવહારથી બાળકોમાં ઉદાહરણ બેસાડવા.

શાળા અને શિક્ષકના પ્રયત્નો ત્યાં સુધી અધુરા રહેશે જ્યાં સુધી વાલીનો સહકાર નહીં મળે.માટે જ વાલીઓ પણ બાળકને સામાજિક બનાવવાના કેટલાક કાર્યો ઇરાદાપુર્વક કરવા પડશે. જેમકે ઘરમાં દરેક સભ્ય એકબીજા સાથે યોગ્ય વર્તન કરે અને પોતાની લાગણી પ્રદર્શિત કરે તે માટેના પ્રયત્નો કરે.ઘર કે પડોશમાં જ્યારે પણ અન્યને મદદરુપ થઇ શકાય તેમ હોય ત્યારે તે કામ અવશ્ય કરવું જ. પાડોશી અને સગાં સાથે યોગ્ય નમ્રતાપુર્ણ વ્યવહાર કરવો અને જરુર પડે ત્યારે દોડી જવું.પોતાનું બાળક સામાજિક પ્રવૃત્તિઓમાં જોડાય તે માટે પ્રોત્સાહન આપવું અને બાળક જ્યારે સામાજિક કાર્ય કરે ત્યારે તેના વખાણ કરવા, અન્ય વ્યક્તિની હાજરીમાં પણ વખાણ કરવા.આપણી આસપાસ આવેલી સામાજિક સંસ્થાની મુલાકાત બાળકને સાથે રાખીને લેવી.સમાજમાં જરુર પડે ત્યારે મદદ માટે જવું શક્ય હોય તો બાળકને સાથે રાખવો અથા સમગ્ર કાર્યની વાત કરવી.આપણા પરિચિતોને ત્યાં આવતાં પ્રસંગોમાં જરુરી મદદ કરવી અને બાળકને પણ તેની ઉમર પ્રમાણેના કામ સોપવા. સ્વાર્થ અને સહકારમાં ક્યાં નુકશાન અને ક્યાં ફાયદો છે તે સમજાવવું.જીવનમાં આગળ વધવા અને વધારવા સહકાર એક અગત્યનું પરિબળ બની શકે તે સમજાવવું. ઘરમાં બાળકને સામાજિક કાર્યો કરવાનો સમય મળી રહે તેવું આયોજન કરવું.

શાળાએ પણ વાલીને અવારનવાર શાળામાં બોલાવીને વાલી મીટીંગ કરવી.જેમાં તેમના બાળકના સર્વાંગી વિકાસ માટે કેવા પ્રયત્નો શાળા કરી રહી છે તે જણાવવું અને સાથે તેમનો સહકાર માંગવો.ઉપરાંત શાળાને મદદરુપ થઇ શકે તેવા વાલીઓનો સહકાર અવશ્ય લેવો.તેમજ તેમને અવારનવાર જાહેરમાં બિરદાવવા. કોઇ વાલીએ સામાજિક ઉત્કૃષ્ટ કામ કર્યુ હોય તો તેની જાણ શાળાના તમામ વાલીને થાય તેવા પ્રયત્નો કરવા. જેની નોંધ અન્ય વાલી લેશે અને તેમને પ્રેરણા મળશે.ટુંકમાં આજના બાળકમાં સામાજિકતા ઘટતી જાય છે તે ચિંતાનો વિષય છે.જે શાળા-શિક્ષક,વાલી અને સમાજે જાગૃત બનીને પ્રયત્નો કરવા પડશે. ઘર કે શાળા કે સમાજમાં એવા કાર્યો અને વિચારોનો પ્રસાર થવો જોઇએ કેજેમાંથી બાળક પ્રેરણા લઇને સામાજિક બને.આજે તો એવાં કેટલાંય ઘર જોવા મળે છે કે જ્યાં વાલી નોકરી ધંધે ગયા હોય ત્યારે બાળકને ઘરમાં લોક મારીને પુરીને જાય છે.આવુ બાળક કેવી રીતે સામાજિક બની શકે ?એવા પણ કુટુંબો છે જ્યાં બાળકને ઘર બહાર નિકળવાની પરવાનગી ભાગ્યે જ મળતી હોય ચે. આવા બાળકને સામાજીકતા એટલેશું તેનો ખ્યાલ ક્યાંથી હોય?

લેખક : ડો. અશોક પટેલ

(સૌ.સંદેશ)

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર ક્લાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# મહારાષ્ટ્રમાં મરાઠાઓને ૧૬ ટકા અનામત આપતું વિધેયક પસાર કરાયું

મહારાષ્ટ્રની વિધાનસભાએ મરાઠા સમુદાય માટેના ૧૬ ટકા અનામત આપતા વિધેયકને સર્વાનુંમતે પસાર કરી દીધું છે.આ સાથે જ મહારાષ્ટ્રમાં સામાજિક અને આર્થિક રીતે પછાત એવા મરાઠાઓને શિક્ષણમાં અને નોકરીઓમાં ૧૬ ટકા અનામતનો લાભ મળશે.જો કે મરાઠાઓને મહારાષ્ટ્રમાં અનામતની જાહેરાત થઇ તેની સાથે દેશભરમાં અન્ય કેટલાક સમુદાયોએ પણ આ રીતે તેમને અનામત મળે તેવી માંગણી બુલંદ કરી છે. બ્રાહ્મણો, રાજપુતો,પટેલો અને અન્ય કેટલાક સમુદાયો છેલ્લા કેટલાક સમયથી અનામતની માંગણી કરી રહ્યા છે. અને ગુજરાતમાં તો પટેલોએ તો તેના માટે એકથી વધુ વાર આંદોલનનો માર્ગ પણ અપનાવ્યો હતો.

મહારાષ્ટ્રમાં મરાઠા સમુદાયની વસતી ૩૩ ટકા છે.મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે મરાઠાઓને અનામત આપતું બિલ ગૃહમાં રજુ કર્યુ હતું અને તેની સાથે વિપક્ષી સભ્યોનો પણ આભાર માન્યો હતો.ગૃહે બિલ સર્વાનુંમતે પસાર કરી દીધું હતું.મહારાષ્ટ્રમાં મરાઠાઓની વસ્તીનું પ્રમાણ ૩૩ ટકા જેટલું છે.એટલે ૧૩ કરોડની વસ્તી મરાઠાઓની છે.રાજ્યમાં ૧૮ માંથી ૧૦ મુખ્યમંત્રીઓ આ જ સમુદાયમાંથી આવ્યા છે.જો આ તમામ મુખ્યમંત્રીઓના સમગ્રતથા શાસનકાળને જોઇએ તો ૧૯૬૦થી રાજ્યની સ્થાપના થઇ ત્યારથી અત્યાર સુધીમાં મરાઠાઓનું શાસન ૩૦ વર્ષ સુધી રહ્યું છે.વાય.બી.ચવાણ,શરદ પવાર,વસંતદાદા પાટીલ,શંકરરાવ ચવાણ અને વિલાસરાવ દેશમુખ જેવા દિગ્ગજો મરાઠા સમુદાયમાંથી આવે છે.મરાઠાઓ રાજ્યના ૨૮૮ મતવિસ્તારોમાંથી ૨૦૦ વિસ્તારોમાં પ્રભુત્વ ધરાવે છે.માટે ભાજપે મરાઠા મતદારોને રીઝવવા માટે આ દાવ ખેલ્યો છે.

# મુંબઇના દરિયા કિનારે પ્રસ્તાવિત શિવાજીની પ્રતિમા કોઇપણથી ડર્યા વગર સૌથી ઉંચી બનાવો : શિવસેના

શિવસેનાએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસને કહ્યુ હતું કે તેઓ ઘોષણા કરે કે મુંબઇના સમુદ્ર કિનારે પ્રસ્તાવિત છત્રપતિ શિવાજીની પ્રતિમાં દુનિયામાં સૌથી ઉંચી હશે.તેમજ આ મુદ્દે તેમણે નરેન્દ્ર મોદી કે અમિત શાહથી ડરવાની જરુર નથી.શિવસેનાએ કહ્યુ હતું કે રાષ્ટ્રવાદી પાર્ટી(એનસીપી)ના મહારાષ્ટ્રના પ્રમુખ જયંત પાટિલે દાવો કર્યો છે કે પટેલની પ્રતિમાં સ્ટેચ્યુ ઓફ યુનીટી દુનીયાની સૌથી ઉંચી પ્રતિમાં બને એ માટે મુંબઇના સમુદ્રમાં બનનારી છત્રપતિ શિવાજીની પ્રતિમાંની ઉંચાઇ ઓછી કરી દેવાઇ છે. શિવસેનાએ પોતાના મુખપત્ર સામનામાં લખ્યું છે કે પટેલની પ્રતિમાં ઉંચી સાબિત થયા એ માટે શિવાજીની પ્રતિમાની ઉંચાઇ ઓછી કરવી એ સંકુચિત,વિકૃત માનસિકતાની નિશાની છે.

તેમાં લખ્યું છે કે મુખ્યમંત્રીએ જે હિમતથી મરાઠાઓની અનામતની ઘોષણા કરી એજ સાહસથી શિવાજીની દુનીયામાં સૌથી ઉંચી પ્રતિમાના નિર્માણની ઘોષણા કરવી જોઇએ.સંપાદકીયમાં લખ્યું છે કે ફડનવીસે નરેન્દ્ર મોદી કે ભાજપ અધ્યક્ષ અમિત શાહથી ડરવું જોઇએ નહીં.શિવસેનાએ ફડનવીસને યાદ અપાવ્યું હતું કે કઇ રીતે મહારાષ્ટ્રને મુંબઇ મળે તે માટે તત્કાલીન કેન્દ્રીય નાણાંમંત્રી ચિંતામણીરાવ દેશમુખે જવાહરલાલને રાજીનામું આપી દીધું હતું.

# તામીલનાડુ પછી મહારાષ્ટ્ર વધુ ક્વોટા વાળું રાજ્ય

મહારાષ્ટ્ર સરકારે ૧૬ટકા મરાઠા અનામત સાથેનું બિલ પસાર કર્યુ તેની સાથે જ તામિલનાડુ પછી તે સૌથી વધુ ક્વોટા ધરાવતું રાજ્ય બની ગયું છે.મહારાષ્ટ્રમાં અનામતની કુલ ટકાવારી હવે વધીને ૬૮ ટકા થઇ છે.તામિલનાડુમાં આ ટકાવારી ૬૯ ટકા છે.હરિયાણામાં સરકારે અનામત વધારીને ૬૭ ટકા કરી છે.જ્યારે દક્ષિણ તેલંગાણામાં ૬૨ ટકા વસતી અનામત હેઠળ આવરી લેવાઇછે.વધતી જતી અનામતો દેશના બંધારણીય શરતોને અનુકુળ રહેશે નહીં.

★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૨૫૩૯૩૩૨૨

# કેન્દ્ર સરકારે પહેલી વાર કબુલ્યુ : નોટબંધીથી ખેડુતોની કમર તુટી ગઇ : કૃષિ મંત્રાલયે નાણામંત્રાલયની સંસદીય સમિતિને અહેવાલ સોપ્યો

નોટબંધીને બે વર્ષ પુરા થયા છે પણ તેની ચર્ચા હજુ ચાલું છે.સરકાર નોટબંધીની ઉપલબ્ધિ સાબિત કરવામાં લાગી હતી અને વિરોધપક્ષ સતત કહી રહ્યો છે કે નોટબંધીને કારણે નુકશાન થયું છે. હવે કેન્દ્ર સરકારે પોતે પહેલી વાર માન્યું છે કે નોટબ ંધીને કારણે ખેડુતો પર ખુબ ખરાબ પ્રભાવ પડ્યો હતો અને તેમની કમર તોડી નાંખી હતી.નાણામંત્રાલય સાથે સંકળાયેલી સંસદીય સમિતિને સોપેલા પોતાના અહેવાલમાં કૃષિમંત્રાલયે જણાવ્યુ છે કે નોટબંધીને કારણે ખેડુતોને ભારે નુકશાન પહોચ્યું છે. સંસદીય સમિતિને સોપેલા નોટબંધીના પ્રભાવ વિષેના અહેવાલમાં કૃષિમંત્રાલયે જણાવ્યુ છે કે ખેડુતો પાસે રોકડની અછત સર્જાવાને કારણે રાષ્ટ્રીય બીજ નીગમના અંદાજે ૧,૬૮,૦૦૦ ક્વિન્ટલ ઘઉના બીજનું વેચાણ જ નહોતું થયું. જો કે સ્થિતિ કથળી રહેલી હોવાનું ધ્યાને આવતાં સરકારે જુની ચલણી નોટની મદદથી બીજ ખરીદી શકાશે તેવી છુટછાટ આપી તો હતી, તેમ છતાં બીજવેચાણમાં તેજી જોવા મળી નહોતી.

કૃષિ મંત્રાલયે પોતાના અહેવાલમાં તો નોટબંધીના કુપ્રભાવ વિશે જણાવ્યુ છે પરંતુ કૃષિપ્રધાન રાધામોહનસિંહે તે વાતનું ખંડન કરતાં ટ્વિટ કરીને જણાવ્યુ હતું કે વર્ષ ૨૦૧૬-૧૭માં બીજ વેચાણ વર્ષ ૨૦૧૫-૧૬ કરતાં વધુ થયુ હતું તે જોતા કહી ના શકાય કે નોટબંધીનો કૃષિ પ ર કુપ્રભાવ પડ્યો છે.તેમણે કહ્યુ કે નોટબંધી થઈ ત્યારે ઘઉનવા બીજને બાદ કરતાં બાકી બીજનું વેચાણ થઈ ચુક્યું હતું. વર્ષ ૨૦૧૫-૧૬ માં ૩૦૪.૦૪ લાખ ટન બીજનું વેચાણ થયું હતું. તો તેને મુકાબલે વર્ષ ૨૦૧૬-૧૭માં રવિ મોસમમાં બીજનું વેચાણ ૩૪૮૫૮ લાખ ટન થયુ હતું.રવિ પાક પર નોટબંધીનો પ્રભાવ પડ્યાનું કહી શકાય તેમ નથી.

શ્રમમંત્રાલયે પણ નોટબંધીની પ્રશંસા કરતાં પોતાના અહેવાલમાં જણાવ્યુ છે કે મોટી નોટબંધ થઈ તે પછીના ત્રિમાસિક રોજગારીના આંકડામાં વૃધ્ધિ જોવા મળી છે. જો કે વિરોધ પક્ષ શ્રમ મંત્રાલયના દાવાથી વિપરિત વાત કરી રહ્યો છે.વિરોધપક્ષ કહેતો હતો કે નોટબંધી પછી રોજગારીની તકો ઘટી છે.રાહુલ ગાંધી કૃષિમંત્રાલયના અહેવાલ અંગે ટ્વિટ કરતા લખ્યું છે કે મોદીજી આજે પણ ખેડુતોના દુર્ભાગ્યની મજાક ઉડાવે છે.હવે તેમનુ કૃષિમંત્રાલય પણ કહે છે કે નોટબંધીથી તુટી ખેડુતોની કમર.ધીમે ધીમે બધા વિભાગો નોટબંધીની ખરાબ અસરો માટે બોલતા થયા છે.

# કૃષિ મંત્રાલયે કબુલ્યું કે નોટબંધીથી સૌથી વધુ માર ખેડુતોને પડ્યો

નાણાંકીય બાબતો અંગેની સંસદીય સમિતિને સબમીટ કરાવેલા રિપોર્ટમાં દેશના કૃષિ મંત્રાલયે પહેલીવાર કબુલ કર્યું છે કે નોટબંધીને કારણે ખેડુતોને હાડમારી વેઠવી પડી હતી.અને મોદી સરકારના આ નિર્ણયની સૌથી વધુ ખરાબ અસર ખેડુતોને થઈ હતી.કૃષિ મંત્રાલયે સંસદીય સમિતિને આપેલા રિપોર્ટને ટાંકીને જણાવ્યુ હતું કે શિયાળુ પાક માટે દેશના કરોડો ખેડુતો બિયારણ કે ખાતર ખરીદી શક્યા નહોતા ત્યાં સુધી કે જેમની પાસે વિશાળ ખેતરો છે તેવા જમીનદારો પણ નોટબંધીથી બચી શક્યા નહોતા કેમકે તેમના ખેતરોમાં કામ કરનારા રોજમદારને વેતન ચુકવવા અને બિયારણની ખરીદી માટે તેમનીપાસે નાણાં નહોતા. ભારતમાં ૨૬.૩૦ કરોડ ખેડુતો મોટાભાગે રોકડ અર્થતંત્ર પર નભે છે.તેમ કૃષિમંત્રાલયના રિપોર્ટમા ઉમેરાયું હતું.નોટબંધીની જાહેરાત બાદ બે વર્ષ પછી કૃષિ મંત્રાલયે તેનો રિપોર્ટ સંસદીય સમિતિને સોપ્યો છે.કૃષિ મંત્રાલયે એમ પણ નોધ્યું છે કે નોટબંધીને કારણે ખેડુતો ન તો તેમને ખરીફ પાક વેચી શક્યા હતા ન તો રવિ પાકનું વાવેતર કરી શક્યા હતા.આ બંને માટે રોકડ રુપીયાની જરુર હતી.રોકડની તંગીને કારણે નેશનલ કોર્પો. તેની પાસેના ૧.૩૮ લાખ ક્વીન્ટલ ઘઉં વેચવામાં નિષ્ફળ ગયું હતું. ઘઉં રવિ પાક છે. અને દેશભરમાં ૩૦૦ લાખ હેકટર એરિયામાં તેનુ ઉત્પાદન થાય છે.કૃષિ મંત્રાલયે તો તેના રિપોર્ટમાં ત્યાં સુધી કહ્યું છે કે ઘઉંના બિયારણનું વેચાણ તે પછી પણ ઉંચકાયું નહોતું કેમકે સરકારે તેની ખરીદી માટે પણ જુની નોટોની પરવાનગી આપી નહોતી.

# રસ્તા પર પડેલા ખાડાઓને કારણે પાંચ વર્ષમાં ૧૫ હજાર લોકએ જીવ ગુમાવ્યા છે : આટલા મોત સ્વીકાર્ય નથી : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે પાંચ વર્ષમાં દેશભરમાં માર્ગો પર પડેલા ખાડાને કારણે મોટી સંખ્યામાં થતાં મોતના મામલે ચિંતા વ્યક્ત કરી છે. પાંચવર્ષમાં૧૪,૯૨૬ લોકો મોતને ભેટ્યા છે.આ કેસની સુનાવણી જાન્યુ.સુધી મોકુફ રખાઈ છે. જસ્ટીસ મદન બી.લોકુરની આગેવાની હેઠળની બેન્ચે કહ્યુ હતું કે ખાડાને કારણે મોતની આટલી મોટી સંખ્યા કોઈપણ રીતે સ્વીકાર્ય નથી.અને તે કદાચ આંતકી દ્વાર સરહદે માર્યા જતા લોકોની સરખામણી કરતાં વધુ છે.બેન્ચે ઉમેર્યું હતું કે ૨૦૧૩ થી ૨૦૧૭ માં ખાડાને કારણે થતા અકસ્માતમાં મોતની સંખ્યા દર્શાવે છે કે સબંધિત સત્તાવાળાઓ માર્ગોની જાળવણી નથી કરતાં. રોડ સેફટી અંગેની સુપ્રીમ કોર્ટની રોડ કમિટિએ ફાઈલ કરેલા રિપોર્ટના આધારે બેન્ચે કન્દ્ર પાસેથી જવાબ માંગ્યો છે.

# ભારતીય અર્થતંત્રમાં ગ્રાહકોનો વિશ્વાસ ઘટ્યો : આરબીઆઇના સર્વેમાં ખુલાસો કરાયો

મોદી સરકારને આંચકો લાગે તેવા એક અહેવાલમાં રિઝર્વ બેન્કના સર્વમાં જણાવાયું છે કે ભારતીય અર્થતંત્રમાં ગ્રાહકોનો વિશ્વાસ ઘટી રહ્યો છે.મોદી સરકાર અસ્તિત્વમાં આવી ત્યારથી એટલે કે જુન ૨૦૧૪ થી જ આ સ્થિતિ ચાલુ રહી છે.સામાન્ય આર્થિક સ્થિતિ અંગે ગ્રાહકો હાલમાં કેવો અભિપ્રાય ધરાવે છે તે અંગે કરાયેલા એક સર્વે કરન્ટ સિચુએશન ઈન્ડેક્સ(સીએસઆ)માં સપ્ટે.૨૦૧૮ના ૯૪.૮ ની સરખામણીમાં નવે.૨૦૧૮માં ઘટીને ૯૩.૯ થયો છે.મોદી સરકાર સત્તામાં આવી તેના થોડાક મહિના પછી એટલેકે નવે.૨૦૧૪માં સીએસઆઈ ૧૧૧ હતો જ્યારે નવેમ્બરલ ૨૦૧૬માં તે ઘટીને ૧૦૯એ પહોચી ગયો હતો.એક નોંધમાં ઉમેરાયું છે કે હાલની સ્થિતિ ઈન્ડેક્સમાં નવે.૨૦૧૬માં શરુ થયેલો ઘટાડો નવે.૨૦૧૮માં વધુ વકર્યો હતો.જે સામાન્ય આર્થિક સ્થિતિ અને રોજગાર મામલા અંગે નિરાશાવાદી ચિત્ર રજુ કરે છે. રિઝર્વ બેન્કના સર્વેમાં ૧૫ મોટા શહેરોનો સમાવેશ કરાયો છે.અને તેમાં સામાન્ય આર્થિક સ્થિતિ, રોજગારનું ચિત્ર અને એકદંરે ભાવની સ્થિતિ તેમજ તેમના પોતાની આવક અને ખર્ચના મામલે ૫૦૦૦થી વધુ લોકોની ધારણાઓ અને અપેક્ષાઓ માંગવામાં આવ્યા હતા.તેમના પ્રતિસાદમાં સ્પષ્ટ છે કે ૪૫.૨ ટકા લોકો માને છે કે હાલની સ્થિતિ એક વર્ષ અગાઉની સરખામણીએ વણસી છે.જ્યારે તેની સામે માત્ર ૩૩.૨ ટકા લોકો માને છે સુધરી છે. નોટબંધી જાહેર થઈ ત્યારે સ્થિતિ અલગ હતી.સર્વે હેઠળના ૪૯.૫ ટકા લોકોનું કહેવું છે કે આર્થિક સ્થિતિ એક વર્ષ કરતાં સારી છે અને તેની સામે માત્ર ૨૯.૫ ટકા લોકો માનતા હતા કે સ્થિતિ વણસી છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.